# Day to Day Current Affairs
## September – 2015

❖ **૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૫ (બુધવાર)**

### 1) 15th Sep. :-

- વિશ્વ લોકશાહી દિવસ
- એન્જિનિયર્સ ડે :–
  – મૈસૂરના પૂર્વ દિવાન અને પ્રસિદ્ધ એન્જિનિયર એમ. વિશ્વેસ્વરૈયાનો જન્મદિન એન્જિનિયર્સ ડે તરીકે ઉજવાય છે.
  – ડેમ, સિંચાઈ, સિવેજની ટેકનોલોજીથી લોકોપયોગી કાર્યો બદલ તેમને વર્ષ – ૧૯૫૫ માં ભારત રત્ન એનાયત થયો હતો.

### 2) દૂરદર્શનની સ્થાપના :–

- ભારત સરકાર હસ્તકની અને ભારતની પહેલી ટેલિવિઝન ચેનલ દૂરદર્શનની સ્થાપના વર્ષ – ૧૯૫૯માં આજના દિવસે થઈ હતી.
- નાના કાર્યક્રમો સાથે દિલ્હી સુધી મર્યાદિત પ્રસારણથી શરૂઆત થઈ હતી.

### 3) વિશ્વ બેંકનો સર્વે :–

- વેપાર કરવામાં સરળતા પડે તેવા રાજયોનાં સૂચકઆંકમાં ગુજરાત દેશમાં ટોચના ક્રમે
- આ યાદી વિશ્વ બેંક દ્વારા તૈયાર કરવામાં આવી છે.
- ત્યારબાદ બીજા ક્રમે આંધ્રપ્રદેશ અને ત્રીજા ક્રમે ઝારખંડ રહયું
- આ સૂચકઆંક સરકારના કહેવાથી વિશ્વ બેંક દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.
- જેમાં અલગ અલગ આઠ માપદંડોનું ધ્યાન રાખવામાં આવ્યું છે જેમકે વેપારની સ્થાપના કરવી, જમીનની ફાળવણી, શ્રમ કાયદામાં સુધારા, પર્યાવરણની મંજૂરી વગેરે મુખ્ય છે.
- વિશ્વ બેંકના અહેવાલ મુબજ વિશ્વમાં બિઝનેશ માટે સરળતામાં ભારત૧૪૨ માં ક્રમે છે.

### 4) ફોર્ચ્યુન મેગેઝિન :–

- ફોર્ચ્યુન મેગેઝિન દ્વારા એશિયાની સૌથી શકિતશાળી ૧૦૦ મહિલાઓની યાદી બહાર પાડવામાં આવી.
- આ યાદીમાં આઈસીઆઈસીઆઈ બેન્કના વડા ચંદા કોચર પ્રથમ ક્રમે રહયા જયારે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના ચેરમેન અરૂંધતિ ભટ્ટાચાર્યને બીજુ સ્થાન મળ્યું.
- આ ઉપરાંત આ યાદીમાં દેશની ઓઈલ માર્કેટીંગ કંપની હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. ના ચેરમેન તેમજ મેનેઝિંગ ડિરેકટર નિશી વાસુદેવને પાંચમુ સ્થાન મળ્યું.
- દેશની ખાનગી ક્ષેત્રની ત્રીજા ક્રમની સૌથી વિશાળ બેન્ક એકિસસના સીઈઓ શિખા શર્માને આ યાદીમાં નવમુ સ્થાન મળ્યું.

### 5) યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપ :–

- મેન્સ સિંગલ્સ :–
  – વિજેતા :– નોવાક જોકોવિચ
  – રનર્સઅપ :– રોજર ફેડરર (સ્વિટ્ઝર્લેન્ડ)
- જોકોવિચે ચાલુ વર્ષે ત્રીજો ગ્રાન્ડસ્લેમ જીત્યો.
- આ અગાઉ તેણે ઓસ્ટ્રેલિયન ઓપન તથા વિમ્બલડન ગ્રાન્ડસ્લેમ પોતાના નામે કર્યો હતો.
- જોકોવિચની કારકિર્દીનો આ ૧૦ મો ગ્રાન્ડસ્લેમ છે.

### 6) પારૂલ પરમાર :– પેરાબેડમિન્ટન ખેલાડી

- ગુજરાતની પારૂલ પરમારે ઈગ્લેન્ડના બંકિગહામશાયરમાં તાજેતરમાં યોજાયેલ બીડબલ્યુએફ પેરા બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ મેળવ્યો.
- રાજ કુમાર અને પારૂલ પરમારે અન્ય ભારતીય જોડી રાકેશ પાંડે અને માનસી જોશીને પરાજય આપ્યો હતો.
- બીડબલ્યુએફ પેરા બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશીપ દર બે વર્ષે યોજાય છે. અને આની છેલ્લી સ્પર્ધા વર્ષ – ૨૦૧૩માં જર્મનીના ડોર્ટમુંડામાં યોજાઈ હતી.

### 7) 11 મી ઈન્ડો – યુએસ ઈકોનોમીક સમીટ :–

- આયોજન :– નવી દિલ્હી
- ભારત – અમેરિકા વચ્ચે વ્યાપારને મજબુત બનાવવા માટુ આ સમિટનું આયોજન કરવામાં આવે છે.

### 8) અશોક શ્રીધરન :– મૂળ ભારતીય

- જર્મનીના એક શહેરમાં મેયર બનનાર ભારતીય મૂળના પ્રથમ વ્યકિત.

### 9) શરતચંદ્ર ચટ્ટોપાધ્યાય :–

- ભારતીય સાહિત્યની પ્રસિદ્ધ નવલકથા દેવદાવ અને પરિણીતાના લેખક શરતચંદ્ર ચટ્ટોપાધ્યાયનો જન્મ વર્ષ – ૧૮૭૬માં આજના દિવસે થયો હતો.
- તેમની રચનાઓ પરથી અનેક ભાષાઓમાં ફિલ્મો બની ચૂકી છે.

Vivekanand Academy Gandhinagar